our Asst. Teacher Shri Jaypalsinh Gohil was bestowed upon the award of the outstanding professional worker for the training and rehabilitation of Divyang children for the year 2022 by Naseoh organization of Mumbai.

**Celebration of cleanliness fortnight by BOB :** in the Month of January 2023, Bank of Baroda celebrated cleanliness fortnight in General. As a part of this celebration on 19-01-2023 a program was organized in our school too. In this program, importance of cleanliness was explained. BOB donated various instruments related to cleanliness to the school and Hygiene kit to all children.

**Gift of exercise cycle by BOB:**

On 25-01-2023, on the occasion of Republic day and foundation day of Ankur, Bank of Baroda Donated/Gifted 3 Static exercise bicycles to the school at the hands of Shri Sudhirranjan Sahu (A.G.M. B.O.B. Bhavnagr Region). Shri Behara Sir (Chief Managaer BOB. R.M. Office-Bhavnagar), Shri Anil Sir (chief Manager SSI Branch Bhavnagar ) were also specially present to grace the occasion.

**ફાયર સેફટિ નિદર્શન**

સંસ્થાના સમગ્ર કેમ્પસને ફાયર સેફટિ સીસ્ટમ થી સુસજ્જ કરવામાં આવેલ. કોઈ આકસ્મિક સંજોગોમાં આગ લાગે તો તેના ઉપર કઇ રીતે કાબુ મેળવવો તે માટે નિષ્ણાંત દ્વારા શાળાના સમગ્ર સ્ટાફને ફાયર સીસ્ટમ ના દરેક સાધનોથી માહિતીગાર કરી તે સાધનનો કઈ રીતે ઉપયોગ કરવો તેના વિશે પ્રેકિટકલ માહિતી આપેલ.

**આઉટ સ્ટેન્ડીંગ પ્રોફેશનલ વર્કરનો એવોર્ડ મેળવતા શ્રી જયપાલસિંહ ગોહિલ**

શાળાનાં મદદનીશ શિક્ષકશ્રી જયપાલસિંહ ગોહિલને મુંબઈ સ્થિત નેશિયો સંસ્થા દ્વારા વિકલાંગ બાળકોના તાલીમ અને પુનવર્સન ક્ષેત્રની શ્રેષ્ઠ કામગીરી માટે વર્ષ ૨૦૨૨ નો આઉટ સ્ટેન્ડીંગ પ્રોફેશનલ વર્કરનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ.

**BOB દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી**

બેંક ઓફ બરોડા દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવેલ જેના અનુસંધાને શાળામાં તા.૧૯-૦૧-૨૦૨૩ નાં રોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ જેમાં સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવવામાં આવેલ તથા બેંક ઓફ બરોડા દ્વારા સંસ્થાને સ્વચ્છતાને લગતા વિવિધ સાધનો તેમજ દરેક બાળકોને હાયજીન કીટની ભેટ આપવામાં આવી હતી.

**B.O.B દ્વારા એકસરસાઈઝ સાઈકલની ભેટ**

તા.૨૫-૦૧-૨૦૨૩ નાં રોજ બેંક ઓફ બરોડા દવારા પ્રજાસત્તાક દિન તેમજ સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી સુધીરંજન શાહુ સર (AGM – BOB Bhavnagar Region – Bhavnagar) સંસ્થાને ત્રણ સ્ટેટીક એકસરસાઈઝ સાઈકલની ભેટ આપવામાં આવેલ આ પ્રસંગે તેમજ શ્રી બહેરાસર (Chief Manager-BOB – RM Office – Bhavnagar), શ્રી અનિલ સર (Chief Manager SSI Branch Bhavnagar) ની વિશેષ ઉપસ્થિતિ રહેલ.

**Picnic:**

Rotla Group of Bhavnagar arranged a picnic on 05-02-2023 at Natraj Campus Kaliyabid Bhavnagar. Our 60 students participated in the picnic. They enjoyed various rides, Dance with D.J. Garba and Delicious Dinner.

**Birthday celebration :**

On 06-02-2023 on the occasion of Birthday of our Asst. Teacher and young Motivational Speaker shri Nehalben Gadhavi, she arranged special meal at Dimple Restaurant for all children, staff and Rikshaw Drivers. Every year shri Nehalben Gadhvi celebrates her birthday with children in this way. Dhanyavad to Nehalben.

**SBI Inauguration of Playground Granted by :**

On 04-03-2023 in the campus of ANKUR, newly Renovated Play Ground was inaugurated. On this occasion shri Devendrakumar Sahoo (D.G.M.& C.D.O., Ahmedabad) Shri Debashish Mohanti (G.M., B&O Bhavnagar) shri Himanshubhai Modi (Chief Manager Public Relation Bhavnagar) S/Shri sandipbhai Bhatt, Kamleshbhai Solanki, Bhagirathbhai Jadeja, Hemantbhai (SBI Parivar Bhavnagar )were present. Shri Devendra Sahoo Sir, Inaugurated the playground and dedicated it to the children of the school. On this occasion our Hon. Secretary shri Alpeshbhai Sheth, Hon. Treasurer Shri Devalbhai Sheth were present. Shri Alpeshbhai Sheth accepted the Donation of 8,55,000 for the project of Rubber coating of Ground and Playing Instruments by S.B.I. under their CSR Scheme. Over and above this donation, leading Industrialist Shri Jayantbhai Vanani (Budhabhai Patel) also donated an amount of 400000 for the Renovation of PlayGround. We sincerely thank the whole team of SBI and shri Budhabhai Patel Family. The whole function was conducted by Dr.Bhavnaben Andhariya.

**પિકનિક**

તા.૦૫-૦૨-૨૦૨૩ નાં રોજ ભાવનગર સ્થિત રોટલા ગ્રુપ દ્વારા નટરાજ કેમ્પસ, કાળિયાબીડ ખાતે એક પિકનિકનું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાના કુલ ૬૦ બાળકોએ વિવિધ રાઈડ્સ, ડી. જે. સાથે ડાન્સ, ગરબા તેમજ સુંદર ડિનરનો આનંદ માણેલ.

**જન્મ દિવસની ઉજવણી**

શાળાના મદદનિશ શિક્ષક, ખ્યાતનામ યુવા મોટિવેશનલ સ્પીકર સુ.શ્રી નેહલબેન ગઢવીનાં જન્મ દિવસ નિમિત્તે તેમના તરફથી તા.૦૬-૦૨-૨૦૨૩નાં રોજ શાળાના તમામ બાળકો, સ્ટાફ તથા રીક્ષા ચાલક ભાઈઓને ડિમ્પલ રેસ્ટોરન્ટ ખાતે જમાડવામાં આવેલ. વિશેષમાં દર વર્ષે તેઓ તેમના જન્મ દિવસની આ રીતે બાળકો સાથે ઉજવણી કરે છે. ધન્યવાદ !

**SBI દ્વારા અનુદાનિત પ્લેગ્રાઉન્ડ નવીનીકરણ ઉદ્‌ઘાટન**

તા.૦૪-૦૩-૨૦૨૨નાં રોજ શાળા ખાતે ક્રિડાંગણ ઉદ્‌ઘાટન કાર્યક્રમ યોજવામાં આવેલ આ પ્રસંગે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયાના શ્રી દેવેન્દ્રકુમાર શાહુ (D.G.M. & C.D.O., અમદાવાદ) શ્રી દેબાશીષ મોહંતી (G.M., B & O ભાવનગર) શ્રી હિમાંશુભાઈ મોદી (Chief Manger, Public Relation ભાવનગર) શ્રી સંદિપભાઈ ભટ્ટ, શ્રી કમલેશભાઈ સોલંકી, શ્રી ભગીરથભાઈ જાડેજા, શ્રી હેમંતભાઈ (SBI પરિવાર ભાવનગર) ઉપસ્થિત રહેલ શ્રી દેવેન્દ્રકુમાર શાહુ સરએ ઉદ્‌ઘાટન કરી આ ક્રિડાંગણને બાળકો માટે ખુલ્લુ મુકેલ આ પ્રસંગે માનદ્ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ્ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ હાજર રહેલ શ્રી અલ્પેશભાઈ શેઠે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના CSR પ્રોજેક્ટ હેઠળ સંસ્થાને રમત-ગમત સાધનો અને મેદાનમાં રબ્બર કોટીંગ માટે મળેલ રૂા.૮,૫૫,૫૦૦/- નું અનુદાન સ્વિકારેલ તેમજ ભાવનગરનાં અગ્રણિ ઉદ્યોગપતિ શ્રી બુધાભાઈ પટેલ દ્વારા ક્રિડાંગણ નવીનીકરણ માટે રૂા.૪,૦૦,૦૦૦/- જેવુ અનુદાન પણ મળેલ છે સંસ્થા પરિવાર વતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સમગ્ર ટીમનો તેમજ શ્રી બુધાભાઈ પટેલ પરિવારનો આભાર માનેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ કરેલ.









## Lokarpan & School Visit :

on 19-02-2023, newly installed fire safety system and Music Therapy Room were inaugurated and put in use (LOKARPAN) in the presence of Donors and well wishers. A power point presentation on the various activities of the school was shown to the guests who arrived from Mumbai to visit the School. All the Guests paid physical visit of the school too. On this special occasion Donors, well wishers and Trustees remained present. All were briefed about up coming dream project of school for the Hostel facility for the children other than Bhavnagar city.

## Dance Competition at Lonavala :

Anam Prem Parivar organized an all India competition at Lonavala for mentally retarded children of various states during 23-02-23 to 28-02-2023. Competition included Dance, Drawing, Memory Game, store keeper etc. It is pride moment for us that 9 students of our school participated in this all India level competition and showed their skill. These children glorified our school at National Level. In this event 9 students and 3 teachers S/Shri Parasbhai Parmar, Arifbhai Jethava and Amitaben Patel also joined.

## Cultural items by our school children :

On 18-02-2023 a cultural Program was organized at Natraj Campus. Our school children presented beautiful items on the theme of Patriotism and Yoga. Audience was Highly impressed and mesmerized by the performance of our children. Audience highly appreciated the items of ANKUR. Our Music Therapist Shri Bhavnaben Andhariya and teachers S/Shri Jaypalsinh Gohil, Hardipbhai Kamaliya, Parasbhai Parmar made Great efforts to learn and train the children for these items. All the four deserves compliments for this splendid achievement.

## ઉદ્‌ઘાટન - શાળા વિઝીટ

તા.૧૯-૦૨-૨૦૨૩ નાં રોજ શાળામાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ ફાયર સેફટી સિસ્ટમ તથા મ્યુઝીક થેરાપી રૂમનું દાતાશ્રીઓ તથા શુભેચ્છકોની હાજરીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલ તથા મુંબઈ થી પધારેલ મહેમાનોને શાળાની વિવિધ પ્રવૃત્તિઓ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા બતાવવામાં આવેલ અને શાળાની વિઝીટ કરાવવામાં આવેલ આ પ્રસંગે સંસ્થાના દાતાઓ, શુભેચ્છકો ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ અને સંસ્થાના આગામી ડ્રીમ પ્રોજેકટ હોસ્ટેલ વિશે માહિતગાર કરવામાં આવેલ.

## લોનાવાલા ખાતે ડાન્સ કોમ્પીટીશન

તા.૨૩-૦૨-૨૦૨૩ થી તા.૨૮-૦૨-૨૦૨૩ દરમિયાન લોનાવાલા ખાતે અનામ પ્રેમ પરિવાર દ્વારા વિવિધ રાજયોનાં મંદબુદ્ધિ બાળકો વચ્ચે ડાન્સ કોમ્પીટીશન - ડ્રોઈંગ કોમ્પીટીશન મેમરી ગેઈમ તથા સ્ટોર કીપર જેવી સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાના ૯ બાળકોએ આ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવી રાષ્ટ્રીય કક્ષાએ અંકુર શાળાનું ગૌરવ વધારેલ આ રાષ્ટ્રિય કક્ષાની વિવિધ સ્પર્ધામાં શાળાના ૯ બાળકો તથા શિક્ષક સર્વ શ્રી પારસભાઈ પરમાર, આરીફભાઈ જેઠવા તથા અમિતાબેન પટેલ જોડાયેલ.

## શાળાના બાળકોની કલા પ્રસ્તુતિ

તા.૧૮-૦૨-૨૦૨૩નાં રોજ નટરાજ કેમ્પસ ખાતે આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના બાળકોએ યોગ અને દેશભકિતના ગીત પર સુંદર કૃતિઓ રજુ કરેલ. અને ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી તેમની દાદ મેળવેલ શાળાના મ્યુઝિક થેરાપિસ્ટ ડૉ. શ્રી ભાવનાબેન અંધારિયા, શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી હરદીપભાઈ કામળીયા, શ્રી પારસભાઈ પરમારે બાળકોની આ કૃતિઓ તૈયાર કરાવવા ભારે જહેમત ઉઠાવેલ.







## Achievemen of our students in Dance competition at state level:

Shaurya art foundation organized a state level common dance competition for various type of DIVYANGS at Vadodara on 24th December 2022 Saturday. Total 21 items were presented. The competition was amongst the solo and team items of Vadodara, Ahmedabad, Rajkot, Surat, Anand, Amreli, Valsad, Jamnagar and Bhavnagar. Our 14 students presented group dance on the patriotic song. Our students demonstrated their worth and achieved 4th Rank. It is matter of pride for School as well as Bhavnagar that our students achieved 4th rank amongst all (various type of ) DIVYANGS at the Gujarat state level. All the preparation and training plus rehearsals for this dance item was managed by coordinator of cultural committee Dr.Bhavnaben Andhariya, shri krishnaben Rupera, shri Jaypalsinh Gohil, Shri Parasbhai Parmar, shri Hardipbhai Kamaliya. All members executed the task with responsibility by using their experience and innovative wisdom. Total coordination was done by Dr.Bhavnaben Andhariya and overall guidance was imparted by Principal Shri Meghjikhan Saybani.

## Visit

Vice President of the organization Mr. Vinubhai Haqani felicitating Padma Shri awardee Mr. Kanubhai Taylor for his outstanding work for all-round development and rehabilitation of disabled persons at Surat.

## રાજય કક્ષાએ શાળાનાં બાળકો ડાન્સ કોમ્પિટીશનમાં ઝળકયા

તારીખ ૨૪ ડિસેમ્બરને શનિવારે બરોડા ખાતે શૌર્ય આર્ટ ફાઉન્ડેશન દ્વારા વિવિધ દિવ્યાંગતા ધરાવતા બાળકોની સંયુકત ડાન્સ કોમ્પિટીશન યોજાયેલ જેમાં કુલ ૨૧ ડાન્સ કૃતિઓની પ્રસ્તુતિ થયેલ, આ કૃતિઓ વચ્ચેની સ્પર્ધા બરોડા, અમદાવાદ, રાજકોટ, સુરત, આણંદ અમરેલી, વલસાડ, જામનગર અને ભાવનગર જેવા શહેરોની અલગ-અલગ ટીમ વચ્ચે થયેલ. જેમાં ગ્રુપ ડાન્સનો સમાવેશ થયેલો. જે પૈકી અંકુર શાળાના કુલ ૧૪ બાળકોએ દેશભકિત ગીત પર ડાન્સ કરી પોતાની યોગ્યતા સાબિત કરી ૪ (ચોથો) ક્રમાંક પ્રાપ્ત કરી શાળા અને ભાવનગરનું ગૌરવ વધાર્યું છે.

શાળાના બાળકોની આ ડાન્સ કૃતિ માટેની સમગ્ર તૈયારી માટે સાંસ્કૃતિક કમિટી કો-ઓર્ડિનેટર ડૉ. ભાવનાબેન અંધારિયા, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા, શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી પારસભાઈ પરમાર તથા શ્રી હરદીપભાઈ કામળિયાએ પોતાની આગવી સૂઝ સાથે જવાબદારી નિભાવેલ. સમગ્ર સંકલન ડૉ. ભાવનાબેન અંધારિયાનું રહેલ. તથા પ્રિન્સિપાલ શ્રી મેઘજીખાન સાયબાણીનું માર્ગદર્શન રહેલ.

## મુલાકાત

સુરત ખાતે વિકલાંગ વ્યકિતઓના સર્વાંગી વિકાસ અને પુનઃ સ્થાપન માટે અદભૂત કાર્ય કરતા પદ્મશ્રી એવોર્ડ ધરાવતા શ્રી કનુભાઇ ટેઇલરની શુભેચ્છા મુલાકાત લેતા સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઇ હકાણી.



## 5. Shri D.K. Ajmera Foundation Trust & Shri Bhanumati Vadilal Chatrabhuj Gandhi "Bhanu-Wadi" Vocational Training Center for mentally retarded children

## ૫. ઈન્ડિપેન્ડેન્ટ લિવિંગ શ્રી ડી. કે. અજમેરા ફાઉન્ડેશન ટ્રસ્ટ અને શ્રીમતી ભાનુમતી વાડીલાલ ચત્રભુજ ગાંધી મંદબુદ્ધિ બાળકોનું ''ભાનુ-વાડી'' વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર

| Year | Boys | Girls | Total |
|---|---|---|---|
| 2022-23 | 46 | 15 | 61 |
| 2021-22 | 40 | 11 | 51 |
| 2020-21 | 32 | 5 | 37 |

In the vocational training center of our school, M.R. adult of the age of 18 year or more are admitted without any fees or charges. With a noble intension of enabling them for self earning, they are imparted vocational training. In this department children of the school prepare RAKHI, CANDLES, WALL HANGING ( TORAN ), SHOPPING BAG, PURSE, FILE, MONEY COVER, AASANA, HANDICRAFT etc. Vocational center functioning under direct supervision and guidance of Shri Nehalben Gadhavi produces above items and for the selling of items produced in the vocational Training Center, messages were circulated through social media platform. We received very good response from metro cities and small towns also from all over country. Demand of our items was high and selling was completed through online. Over and above online selling, in Bhavnagar city, off line selling was organized at Parimal Haveli, Iscon Club, saint xeveirs school, Meghani Auditorium. During year 2022-2023 total sale of Rs. 24,97,382 was completed and 21 children engaged in the process were paid stipend of Rs.2,56,100. Thanks to Shri Nehlben for her invaluable contribution

### Visit of main Donor of Vocational Center :

on 02-06-2022 Main donor of BHANU-VADI Vocational Center Shri Maheshbhai Gandhi Paid courtesy visit to the school. He gathered the information about various items produced by children and discussed in detail with the staff about the center. He expressed felling of satisfaction and Joy about the development of the department.

શાળામાં કાર્યરત વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરમાં ૧૮ વર્ષથી ઉપરના બાળકોને વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવે છે. જેમાં બાળકો આર્થિકરીતે પગભર થાય તે હેતુસર વ્યવસાયિક તાલીમ આપવામાં આવે છે. વોકેશનલ વિભાગમાં શાળાના બાળકો દ્વારા રાખડી, મીણબત્તી, તોરણ, શોપીંગ બેગ, બટવા, ફાઈલ, મની કવર, આસન, હેન્ડી ક્રાફ્ટ, જેવી વિવિધ વસ્તુઓ બનાવવામાં આવે છે. સુશ્રી નેહલબેન ગઢવી ની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ કાર્યરત વૉકેશનલ સેન્ટરમાં ઉત્પાદન કરેલ વસ્તુઓનાં વેચાણ માટે સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર/પ્રસાર કરવામાં આવેલ, જેને ખૂબ જ સારો એવો પ્રતિભાવ દેશનાં મેટ્રોસિટી તથા નાના શહેરોમાંથી મળેલ અને ઉત્પાદન કરેલ વસ્તુઓની ખૂબ જ સારી એવી માંગ રહેલ. જેનુ ઓનલાઈન તેમજ ભાવનગર ખાતે પરીમલ હવેલી, ઈસ્કોન કલબ, સેન્ટ ઝેવીયર્સ સ્કૂલ તથા મેઘાણી ઓડિટોરિયમ ખાતે પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવેલ. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ રૂા. ૨૪,૯૭,૩૮૨/- નું વેચાણ કરવામાં આવેલ તેમજ ઉત્પાદન કાર્યમાં રોકાયેલ કુલ ૨૧ બાળકોને રૂા. ૨,૫૬,૧૦૦/- નું સ્ટાઈપેન્ડ ચુકવવામાં આવેલ. શ્રી નેહલબેનના અમુલ્ય યોગદાન બદલ આભાર.

### મુખ્યદાતાશ્રીની મુલાકાત

તા.૦૨/૦૬/૨૦૨૨નાં રોજ ભાનુ-વાડી વોકેશનલ સેન્ટરનાં મુખ્યદાતાશ્રી મહેશભાઈ ગાંધીએ સંસ્થાની શુભેચ્છા મુલાકાત લઈ તથા વોકેશનલ સેન્ટરમાં બાળકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ પ્રોડકસ વિશે માહિતી મેળવી સેન્ટર અંગે સ્ટાફ સાથે વિસ્તૃત ચર્ચા કરેલ અને ડિપાર્ટમેન્ટના વિકાસ અંગે આનંદ તથા સંતોષ વ્યકત કરેલ.





**Rakhi project**

Our vocational center had undertaken project of Rkhi Production. Our Mentally retarded children prepared Rakhis with extraordinary Skill. We had arranged exhibition cum sale on various places in Bhavnagar city for the Rakhis of our vocational center. In the other cities of Gujarat like Ahmedabad, Surat, Vadodra, Rajkot and out of Gujarat cities like Mumbai, Begluru, Nagpur, Delhi,Vijayvada etc online selling was done. We received very positive response and very good cooperation for this Project.

**Exhibition cum sale**

On 24th and 25th December 2022 during the X-mas carnival at ISCON CLUB Bhavnagar exhibition cum sale for the various items prepared by our children like wall-hanging ( TORAN ), Hanging, Decorative candles, Shopping Bag etc was arranged. Public of Bhavnagar city responded very positively.

**Food carnival 2023**

Food carnival part-2 was organized at Gulistan Ground during 28,29 January 2023. Items like Toran, Hanging, Decorative candles, Shopping Bag, cution cover, Aasans etc produced in our BHANU-VADI Vocational Center were displayed for sale in the festival. Public of Bhavnagar city responded very positively for this exhibition cum sale.

**Our Representation in exhibition at Ahmedabad**

During 03-03-2023 to 05-03-2023 an Exhibition was organized by " Mahila Charitable Trust" at Nikol/Ahmedabad. By the special efforts of our teacher cum Brand Ambassador shri Nehalben Gadhvi; items like wall-hanging ( TORAN ), Hanging, Decorative candles, Shopping Bag, cution covers, Aasans etc of our Bhanu-Vadi vocational center were displayed in this exhibition. Visiting public of Ahmedabad responded very positively to our items.

**Educational visit**

One Hundred students of Std. 6 to 8 of well known English Medium School "Silver Belss" visited our BHANU-VADI Vocational center as a part of their Bag-less education skill training. Visiting students gathered information about various products produced in the center.

**રાખડી પ્રોજેક્ટ**

સંસ્થા દ્વારા ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં ચાલતા રાખડી પ્રોજેક્ટમાં મંદબુદ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવેલી રાખડીઓનું ભાવનગર શહેરનાં વિવિધ સ્થળોએ એકઝીબિશન કમ સેલનું આયોજન કરવામાં આવેલ. તેમજ ગુજરાતનાં અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ ઉપરાંત મુંબઈ, બેંગ્લોર, નાગપુર, દિલ્હી, વિજયવાડા જેવા વિવિધ શહેરોમાં ઓનલાઈન વેચાણ કરવામાં આવેલ. જેમાં લોકોનો ખુબજ સારો સહયોગ મળેલ.

**એકઝીબિશન કમ સેલ**

તારીખ ૨૪, ૨૫ ડિસેમ્બર-૨૦૨૨ દરમિયાન ઈસ્કોન કલબ ખાતે ક્રિસમસ કાર્નિવલમાં શાળાના બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓ જેવી કે તોરણ, હેગીંગ, ડેકોરેટીવ કેન્ડલ, શોપીંગ બેગ વિગેરે વસ્તુઓનુ એકઝીબિશન કમ સેલ નું આયોજન કરવામાં આવેલ જેનો સુંદર પ્રતિસાદ મળેલ.

**ધ ફુડ કાર્નિવલ - ૨૦૨૩**

તા. ૨૮, ૨૯ જાન્યુઆરી - ૨૦૨૩ દરમિયાન ગુલિસ્તા ગ્રાઉન્ડ ખાતે ધ ફુડ કાર્નિવલ, સિઝન ૨ નું આયોજન કરવામાં આવેલ જેમાં શાળાના ''ભાનુવાડી'' વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં મંદબુદ્ધિ બાળકો દ્વારા બનાવવામાં આવતી વિવિધ વસ્તુઓ જેવી કે તોરણ, હેંગીગ, શોપીંગ બેગ, કુશન કવર, આસન નું એકઝીબિશન કમ સેલ રાખવામાં આવેલ જેમાં ભાવેણાની જનતાનો સુંદર પ્રતિસાદ મળેલ.

**અમદાવાદ ખાતે એકઝીબીશનમાં શાળાનું પ્રતિનિધિત્વ**

તા.૦૩-૦૩-૨૦૨૩ થી તા.૦૫-૦૩-૨૦૨૩ દરમિયાન મહિલા ચેરીટેબલ ટ્રસ્ટ - અમદાવાદ દ્વારા નિકોલ ખાતે શાળાના શિક્ષક શ્રી નેહલબેન ગઢવીના પ્રયોત્નોથી શાળાના ભાનુવાડી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરના મનોદિવ્યાંગ બાળકો દ્વારા બનાવવામાં આવેલ વિવિધ વસ્તુઓનુ એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેનો અમદાવાદ વાસીઓએ સુંદર પ્રતિસાદ આપેલ.

**એજ્યુકેશનલ વિઝીટ**

શહેરની સિલ્વર બેલ્સ ઈંગ્લીંગ મીડીયમ સ્કુલના ધોરણ ૬ થી ૮ નાં ૧૦૦ બાળકોએ તેમના બેગ લેસ એજ્યુકેશન સ્કિલ ટ્રેનિંગનાં ભાગરૂપે શાળાના ભાનુવાડી વોકેશનલ સેન્ટરની મુલાકાત લીધેલ અને સેન્ટરમાં બનાવવામાં આવતી વિવિધ પ્રોડકસ વિશે માહિતી મેળવેલ.

**Success story:**

Rathod Jayraj when secured admission in the school, was very aggressive. He was hyper active in the childhood stage when started his school. With passage of time and by the efforts and cooperation of teachers he got training in the school and Gradually started regular attending school. He started sitting, and participating in various activities as games, story telling, play, cultural program. With the passage of time he completed 18 years and was admitted to our BHANU-VADI Vocational center. After being trained by the teachers, he started to perform the tasks such as producing Rakhi, Wall-Hanging, Hanging, packing of items and to go for selling of the items. His performance was very particular in each area and was appreciable, so we started paying him Stipend. After this much elevation his dedication to work and perfectness in performance was recognized and with the efforts of our teacher, he was employed in a Diamond polishing factory. He was trained for lath operation and after training he started work on lath Machine. He is now earning Rs. 3000 per month and has become self supporting person like a common person.

**સકસેસ સ્ટોરી**

રાઠોડ જયરાજ, જ્યારે શાળામાં પ્રવેશ લીધેલ ત્યારે તે ખુબજ તોફાની અને ચંચળ હતો. પણ ત્યારબાદ શાળામાં ટ્રેનિંગ શિક્ષકોનાં સહકારથી તે નિયમિત આવતો થયો અને બેસતો થયો અને વિવિધ પ્રવૃત્તિઓમાં તે ભાગ લેતો થયો. જેમકે રમતગમત, સાંસ્કૃતિક કાર્યક્રમોમાં, વાર્તા, નાટકોમાં તે કાર્ય કરતો થયો. ત્યારબાદ ૧૮ વર્ષ પૂર્ણ થતાં તે વોકેશનલ સેન્ટરમાં આવતો થયો અને શિક્ષકો સાથેની ટ્રેનિંગનાં લીધે વિવિધ કાર્યો જેમ કે રાખડી બનાવવી, તોરણ બનાવવાં, તોરણ માટેની સેર બનાવવી, તેનાં હેંગીગ બનાવવાં, પેકિંગ કરવું, વેચાણમાં જવું વગેરે કાર્યો તે વોકેશનલમાં આવ્યા બાદ ખુબ જ સરસ રીતે સમય મુજબ કરતો થયો અને અમે તેને સ્ટાઈપેન્ડ આપતાં થયાં. બાદ તેની કામની ચીવટ, ધગશ શિક્ષકોનાં પ્રયત્નથી તેને હીરાનાં કારખાનામાં લેથની કામગીરીમાં બેસાડવામાં આવ્યો અને તે શીખીને કામ કરતો થયો છે અને અત્યારે માસિક પગાર ૩૦૦૦ માં કાર્ય કરતો થયો અને પગભર થયો.








# ઉત્સવોની ઉજવણી

## આંતરરાષ્ટ્રિય યોગ દિવસ







## સ્વાતંત્ર્ય પર્વ



## પ્રવેશોત્સવ







## રક્ષાબંધન



## નવરાત્રી






## જન્માષ્ટમી–કૃષ્ણ જન્મોત્સવ







## વિશ્વ વિકલાંગ દિવસની ઉજવણી










## ઉતરાયણ




## પ્રજાસત્તાક દિન







## ધૂળેટી પર્વ









## ડાઉન સિન્ડ્રોમ ડે ઉજવળી








## 6. Various Projects

***For the overall development of students, following projects are running in the institute:***

### Project for Adoption of student (DATTAK FUND PROJECT)

All Mentally challenged children are trained/educated in our institute without any fees. However, other needs of child for his development in all aspects are to be fulfilled such as Medical assistant, Educational instruments, Uniform, Transportation to and fro school, special instruments for other coexisting disability, sports instruments, cultural program etc various matter need financial help. To help the child for his undisturbed progress in all vox of life we have developed this project. Donor can adopted a child by donating Rs.100000/- (one Lakh ). One child's needs will be fulfilled from the interest income of this corpus. At the end of educational year, progress report of adopted child will be sent to the donor.

### Project for Auto Rickshaw ( Transportation ) help

In our Institute, Mentally challenged children are trained/educated free of charge. Most of these children comes from poor and slum areas of the city which are far away from the institute. As these children are from poor families, they can't afford transportation expense for attending school. To help such students we are running this project in the name of "RIKSHAW SAHAY" so that their transportation also made free of charge. During the year 2022-2023 total 117 children were paid Rs. 4,16,961/- as RIKSHAW SAHAY. We are trying to cover more children as per availability of fund.

## ૬. વિવિધ પ્રોજેક્ટ

**વિદ્યાર્થીઓનાં ઉત્કર્ષ માટે સંસ્થામાં ચલાવવામાં આવતાં વિવિધ સપોર્ટિવ વેલ્ફેર પ્રોજેક્ટ**

### દત્તક ફંડ પ્રોજેક્ટ...

સંસ્થામાં મંદબુદ્ધિવાળા બાળકોને નિઃશુલ્ક તાલીમ આપવામાં આવે છે. પરંતુ બાળકની અન્ય જરૂરિયાતો પણ હોય છે. જેમાં તેને તબીબી સહાય, શૈક્ષણિક સાધનો, યુનિફોર્મ, શાળાએ આવવા-જવાનું વાહનભાડું, અપંગતાનાં વિશિષ્ટ સાધનો, રમત-ગમતનાં સાધનો, સાંસ્કૃતિક કાર્યક્રમ જેવી અનેક જરૂરિયાતવાળી બાબતોમાં આર્થિક આધાર રાખવો પડે છે. આથી બાળકની પ્રગતિ અટકે નહિ અને બાળકનો વિકાસ સતત ચાલુ રહે, તે માટે સંસ્થામાં ''દત્તક ફંડ પ્રોજેક્ટ'' કાર્યરત છે. જેમાં દાતા રૂ.૧,૦૦,૦૦૦/- ''કોર્પસ ફંડ'' માં આપી, એક બાળક દત્તક લઈ શકે છે. જેની વ્યાજની આવકમાંથી બાળકની આવી જરૂરિયાત પૂરી કરવામાં આવે છે. જે તે શૈક્ષણિક વર્ષનાં અંતે દાતાશ્રીઓને આવા દત્તક લીધેલ બાળકોનો પ્રગતિ અહેવાલ મોકલવામાં આવે છે.

### રિક્ષા સહાય પ્રોજેક્ટ...

સંસ્થામાં મંદબુદ્ધિવાળા બાળકોને વિનામૂલ્યે તાલીમ આપવામાં આવે છે. જેમાં મોટાભાગનાં વિદ્યાર્થીઓ ગરીબ અને સ્લમ તથા અંતરિયાળ વિસ્તારોમાંથી આવે છે. આથી આવા બાળકોને શાળામાં આવવા-જવાનો ખર્ચ ન પોસાય-તે સ્વાભાવિક છે. આ માટે સંસ્થાએ ડોર સ્ટેપ સર્વિસના ભાગરૂપે ''રિક્ષા સહાય'' પ્રોજેક્ટ અમલમાં મૂકેલ છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન કુલ ૧૧૭ બાળકોની રૂ.૪,૧૬,૯૬૧/- રીક્ષા સહાય ચુકવેલ. ભંડોળની ઉપલબ્ધિ મુજબ વધુ ને વધુ સંખ્યાને આવરી લેવા અમારો પ્રયાસ છે.

## NAISHA V. SHAH STAFF WELFARE CORPUS FUND:

This Project is maintained from the interest income from the Donated amount by Donor. Interest Income is utilized for the Medical aid up to Rs. 3000/- and educational aid up to Rs. 2000/- for the trust set up staff. Under the project, for the year 2022-2023; total 22 employees were paid for Medical aid of Rs. 64,618/- and Educational aid of Rs. 30,000/- Total Rs. 94,618/- were paid as per rules of the fund. During the year 2022-23, under this coppers fund, Rs.2,00,000/- has been granted.




## નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ

સંસ્થા તેના સ્ટાફ પરિવારની પણ કાળજી લે છે. તે અંતર્ગત કર્મચારીઓ ને મેડિકલ તેમજ શૈક્ષણિક સહાયની યોજના કાર્યરત છે. ''નાઈશા વી. શાહ સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ'' માટે દાતાશ્રી પ્રદિપભાઈ એ. શાહ તરફથી મળેલ રકમનાં વ્યાજમાંથી સંસ્થાનાં ટ્રસ્ટ સેટ-અપનાં કર્મચારીઓને વર્ષ દરમ્યાન મેડિકલ સહાય રૂા. ૩,૦૦૦/- તથા શૈક્ષણિક સહાય રૂા. ૨,૦૦૦/- ચૂકવવામાં આવે છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૨૨ કર્મચારીઓને મેડિકલ સહાય રૂા. ૬૪,૬૧૮/- તથા શૈક્ષણિક સહાય રૂા. ૩૦,૦૦૦/- કુલ રૂા. ૯૪,૬૧૮/- ની સહાય ચૂકવવામાં આવેલ. વર્ષ ૨૦૨૨-૨૩ દરમીયાન આ કોપર્સ ફંડ હેઠળ દાતાશ્રી તરફથી રૂા.૨,૦૦,૦૦૦/- નું અનુદાન મળેલ છે.
















**Distribution of Uniform :**

All students of the school were given 2 pairs of uniform. One from the "Maltiben Dalal and Shyamlal Thakor Handicapped Welfare Foundation Corpus Fund" and the other from school. The entire job of uniform distribution was very well managed by shri Parasbhai Parmar.

**Nutritional food. :**

All the students of the school are given snacks so that they can get and eat nutrional food. The real needy students are also given lunch from school. Over and above, lunch and snacks are given regularly by the donors and well wishers also.

**યુનિફોર્મ વિતરણ**

શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને શ્રીમતી માલતીબેન દલાલ અને શ્રી શ્યામલાલ ઠાકોર હેન્ડીકેપ્ડ વેલ્ફેર ફાઉન્ડેશન કોપર્સ ફંડ માંથી ૧ જોડી તથા શાળા તરફથી ૧ જોડી એમ કુલ ૨ જોડી યુનિફોર્મ આપવામાં આવેલ. યુનિફોર્મ વિતરણનું કાર્ય શ્રી પારસભાઈ પરમારે સુંદર રીતે પૂર્ણ કરેલ.

**પોષણક્ષમ આહાર**

શાળામાં તાલીમ મેળવતા દરેક બાળકોને પોષણયુક્ત આહાર મળી રહે તે માટે નાસ્તો આપવામાં આવે છે તેમજ અતિ જરૂરીયાત વાળા બાળકોને શાળા તરફથી ભોજન પણ કરાવવામાં આવે છે. સાથોસાથ દાતાશ્રીઓ તેમજ શુભેચ્છકો તરફથી પણ નિયમિત પણે ભોજન તેમજ નાસ્તો આપવામાં આવે છે.

## 7. National Trust

**Aashay Day Care Center:**

National trust is sponsoring many projects. Under national trust's Banner 'Aashay Day Care Center" is functioning in our institute under which we are implementing " VIKAS PROJECT." Total 32 students are being trained under this project.

**Niramaya (Medical Health Insurance Policy):**

This is a insurance sponsored by Government, same as mediclaim for normal person. Here insurance is Granted to Divyang without considering age or past illness. Evry beneficiary / insured person is covered for Rs.1,00,000/- (one lakh) for operation, treatment, therapy, and O.P.D.

This scheme is blessings for parents. All the premium are paid by state Government. So it is advisable that all divyangs are covered by this policy. During year 2022-2023 total Rs.31,000/- were paid as premium by social security department. We also provide service to the other M.R.Children residing in Bhavnagar District but not going to school for the registration of Niramaya Health Policy. The entire on line work for Niramaya is performed by our computer operator shri Mayurbhai Rathod and work related to claims is performed by Asst,Teacher shri Parasbhai Parmar. Our vice president shri Vinodrai N Hakani is member of Local level committee of National Trust Headed by District collector. For more information on National Trust, a free pamphlet is available in the school. 6 Application for legal guardianship through school.

**Benificiaries of Niramaya scheme (year 2022-2023)**

| Sr. No. | Details | No. of Beneficiaries |
|---|---|---|
| 1 | New Beneficiaries | 155 |
| 2 | Renewal Policy | 306 |
| | **TOTAL BENEFICIARIES** | **461** |

**Mediclaim granted (year 2022-2023)**

| Beneficiaries | Amount Claimed | Amount settled |
|---|---|---|
| 87 | 4,05,986/- | 2,93,909/- |

**Mr. Vinubhai Hakani, Vice President of the organization in the meeting of the Local Leval Committee**

Dt. 21-12-2022 and dt. On 15-3-2023 Collector Shri D.K. Mr. Parekh and the District Social Security Officer held a meeting of the National Trust - Local Level Committee held in the presence of Mr. Vinubhai Hakani, the Vice President of the organization and elaborated.

## ૭. નેશનલ ટ્રસ્ટ

**આશય ડે-કેર સેન્ટર**

નેશનલ ટ્રસ્ટ દ્વારા ઘણા પ્રોજેકટ ચલાવવામાં આવે છે જે અંતર્ગત શાળામાં વિશિષ્ટ બાળકો માટે 'આશય ડે-કેર સેન્ટર' હેઠળ ''વિકાસ પ્રોજેકટ'' ચલાવી રહ્યા છીએ. જેમાં કુલ ૩૨ બાળકો આ પ્રોજેકટ અંતર્ગત તાલીમ મેળવી રહ્યા છે.

**નિરામય (મેડિકલ હેલ્થ ઈન્સ્યોરન્સ પૉલિસી)**

આ આરોગ્ય વીમો મેડિકલેઇમ પ્રકારનો છે. જેમાં ઉંમર અને ભૂતકાળની બીમારીઓને ધ્યાનમાં લીધા વગર બાળક માટે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી ઓપરેશન, સારવાર, થૈરપી તથા આઉટડોર ટ્રીટમેન્ટનો ખર્ચ આપવામાં આવે છે.

આ યોજના વાલીઓ માટે આશીર્વાદરૂપ છે. તમામ બાળકોનાં વીમાનાં પ્રીમિયમની રકમ રાજ્ય સરકાર દ્વારા ચુકવણી કરવામાં આવે છે, આથી આવી અપંગતા ધરાવતાં બાળકોનાં વાલીઓએ આ પૉલિસી લેવી જરૂરી છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૩૧,૦૦૦/- નિરામયા પ્રીમિયમની રકમ સમાજ સુરક્ષા ખાતા દ્વારા ચૂકવવામાં આવેલ છે. ભાવનગર જિલ્લામાં વસતા પરંતુ શાળામાં પ્રવેશ ન લીધેલા હોય તેવા મંદબુદ્ધિ બાળકોને પણ નિરામય હેલ્થ પોલીસીનું રજિસ્ટ્રેશન સંસ્થા દ્વારા કરી આપવામાં આવે છે. આ સંપૂર્ણ કામગીરી શાળાના કોમ્પ્યુટર ઓપરેટર શ્રી મયુરભાઈ રાઠોડ તથા મદદનિશ શિક્ષકશ્રી પારસભાઈ પરમાર સંભાળી રહ્યા છે. નેશનલ ટ્રસ્ટની ભાવનગર જિલ્લા લોકલ લેવલ કમીટીમાં સંસ્થાના ઉપ પ્રમુખશ્રી વિનોદરાય એન. હકાણી સભ્ય તરીકે છે. નેશનલ ટ્રસ્ટની વધુ જાણકારી માટે સંસ્થામાં ફ્રી પેમ્ફલેટ ઉપલબ્ધ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન શાળા મારફત લીગલ ગાર્ડીયનશીપ માટેની ૬ અરજી કરવામાં આવેલ




**લોકલ લેવલ કમિટીની મીટિંગમાં સંસ્થાના ઉપપ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી**

તા. ૨૧-૧૨-૨૦૨૨ તેમજ તા. ૧૫-૩-૨૦૨૩ના રોજ કલેકટરશ્રી ડી.કે. પારેખ તથા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની હાજરીમાં યોજાયેલ નેશનલ ટ્રસ્ટ - લોકલ લેવલ કમિટીની મીટિંગ સંસ્થાના ઉપ પ્રમુખશ્રી વિનુભાઈ હકાણી હાજર રહી વિસ્તૃત છણાવટ કરેલ.

## 8. Late shri Shashikant Sakarlal Velani Teachers training college for mental Retardation.

Late Shri Shashikant Sakarlal Velani Teachers training college for mentally Retardation is functioning since 2003 and the same is managed by the "ANKUR" Trust. College is approved by R.C.I. ( Rehabiiation Council of India ). The college is functioning under direct guidance of our Hon.Education Secretary Shri D.J.Dhandhukiya and coordinator Shri Bhavikaben Kamdar is functioning very well for the college. At present In the academic years of 2021-2023 there are 17 students of second year and batch 2022-2024 first year 30 studets, total 48 students studying in the college. All these students are from Rajsthan and Gujarat. In the morning session, lectures on various study subject of their syllabus are arranged and in the afternoon session they are exposed to practical lesson, I.P. and training to deal with special children. All the training lessons are imparted online.

**Farewell program For batch 2020-2022.**

On the occasion of completion of course for the 2020-2022 batch a farewell program was arranged on 12/06/2022. Students of the batch recollected various memorable events during their study. 1st 2nd and 3rd number of previous batch of 2018-2020 and 2019-2021 were honoured by giving them memento. Coordinator Dr. Bhavikaben Kamdar was congratulated. On this occasion trustees, Principal and faculty members were present.

## ૮. સ્વ. શ્રી શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ ફોર મેન્ટલ રિટાર્ડેશન

'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા ટ્રસ્ટ સંચાલિત સ્વ.શશીકાંત સાકરલાલ વેલાણી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ ફોર મેન્ટલ રિટાર્ડેશન વર્ષ ૨૦૦૩ થી કાર્યરત છે. આ કોલેજ RCI (રિહેબીલીટેશન કાઉન્સીલ ઓફ ઈન્ડિયા) ન્યૂ દિલ્હી દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે. માનદ્ મંત્રીશ્રી ડી.જે. ધંધુકીયાના સીધા માર્ગદર્શન હેઠળ કો. ઓર્ડિનેટર ડૉ. શ્રી ભાવીકાબહેન કામદાર આ ડિપાર્ટમેન્ટ સુંદર રીતે સંભાળી રહ્યાં છે.

હાલ ટ્રેનિંગ કોલેજમાં બેચ વર્ષ ૨૦૨૧-૨૩ ના ૧૭ વિદ્યાર્થીઓ (બીજું વર્ષ) બેચ વર્ષ ૨૦૨૨-૨૪ ના ૩૦ વિદ્યાર્થીઓ (પ્રથમ વર્ષ) એમ કુલ ૪૮ વિદ્યાર્થીઓ તાલીમ મેળવી રહ્યા છે. આ તમામ વિદ્યાર્થીઓ રાજસ્થાન અને ગુજરાતમાંથી આવે છે. સવારનાં સમયગાળામાં તેમનાં વિવિધ વિષયનાં લેકચરર્સ હોય છે. બપોરનાં સમય પછી તેમને પ્રેકટીકલ લેશન, આઈ.ઈ.પી. તથા બાળકો સાથેની વિવિધ તાલીમ આપવામાં આવે છે.

**ફેરવેલ પ્રોગ્રામ બેચ ૨૦૨૦-૨૦૨૨**

ટિસર્ચ ટ્રેઈનિંગ કોલેજનાં બીજા વર્ષનાં તાલીમાર્થીઓ (બેચ વર્ષ ૨૦૨૦-૨૦૨૨) નો કોર્ષનો સમયગાળો પૂર્ણ થતા તા.૧૨/૦૬/૨૦૨૨નાં રોજ તેમના માટે ફેરવેલ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ આ પ્રસંગે તાલીમાર્થીઓએ પોતાના બે વર્ષનાં ટ્રેઈનિંગ સમયના સંસ્મરણો વર્ણવેલ તેમજ બેચ વર્ષ ૨૦૧૮-૨૦ તથા બેચ ૨૦૧૯-૨૧નાં પ્રથમ, દ્વિતિય, તૃતિય નંબર પર ઉતિર્ણ થયેલ વિદ્યાર્થીઓનું મેમેન્ટો આપી સન્માન કરવામાં આવેલ. કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદારને અભિનંદન આપવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફ તથા તાલીમાર્થીઓ ઉપસ્થિત રહેલ.








## Welcome program :

On 14-11-2022 Monday, a welcome program was organized for the newly admitted students for the 2022-2024 batch. Chairman of the college shri D.J.Dhandhukiya and Principal of the school shri Meghjikhan Saybani conveyed their welcome and best wishes with very effective motivational lecture. Students of second year shared their experiences. After this as per our tradition, senior students offered "TILAK" on the forehead of the juniors and welcomed them with sweets in their mouths. In the age and era of Ragging, whre most of the colleges are suffering from the evil of Ragging, we acted exactly opposite to it which is really appreciable and needs to be followed by others also. Entire program was conceived and conducted by Dr.Bhavikaben Kamdar coordinator of the college.

## Celebration of Guru Purnima:

on 13-07-2022, Guru Purnima was celebrated in the school by the students of Teachers Training College. In the function, students talked about importance of the GURU in our life. They also secured blessings of all teachers by showering flowers on Gurus and by offering gift of ball pen.

## RESULTS :

Recentally, result of D.Ed.Spl.Ed (IDD) batch 2020-2022 final exam was declared. Our college secured 100% result. Our 9 students secured Distinction and 16 students secured First class. ANKUR Parivar congratulates all the students and coordinator Dr, Bhavikaben Kandar.

## Celebration of teachers' day :

Every year 5th September is celebrated as teachers' day in our country in the loving memory of our Ex. President of India Dr. Sarvapalli Radhkrishnan. As a part of this celebration, students of our college also celebrated teachers' day with full enthusiasm in a grand way. On this day students of college played role of teacher for all

## વેલકમ પ્રોગ્રામ

તા.૧૪-૧૧-૨૦૨૨ને સોમવારનાં રોજ ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૪ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ માટે વેલકમ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. કોલેજના ચેરમેન શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબ, શાળાના પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણીએ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વ્યકતવ્ય દ્વારા શુભેચ્છા પાઠવેલ તથા દ્વિતિય વર્ષેના વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો વર્ણવેલ. ત્યારબાદ સિનિયર વિદ્યાર્થીઓએ નવા વિદ્યાર્થીઓને પોતાની પરંપરા અનુસાર તિલક કરી મીઠું મો કરાવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કોલેજના કોર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદાર દ્વારા કરવામાં આવેલ. આજે મોટા ભાગની કોલેજમાં રેગીગનું દુષણ પ્રવર્તે છે ત્યારે અહીં બિલકુલ વિપરીત રીતે નવી બેચને આવકારવામાં આવે છે તે ઉદાહરણિય છે.

## ગુરૂપૂર્ણિમાંની ઉજવણી

તા.૧૩/૦૭/૨૦૨૨નાં રોજ શાળામાં ટીચર્સ ટ્રેનિંગનાં કોલેજનાં તાલીમાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાંની ઉજવણી કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓ દ્વારા ગુરૂપૂર્ણિમાં વિશે તથા જીવનમાં ગુરૂનાં મહત્વ વિશે વાત કરવામાં આવેલ. તથા શાળાનાં દરેક શિક્ષકોને પૂષ્પવર્ષા કરી તેમજ બોલપેન ગીફટમાં આપી આશિર્વચન મેળવેલ.

## ઉત્કૃષ્ઠ પરિણામ

તાજેતરમાં D. Ed. Spl. Ed (IDD) ની બેચ વર્ષ ૨૦૨૦-૨૨ની ફાઈનલ પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવેલ જેમાં સંસ્થા સંચાલિત ટીચર્સ ટ્રેનિંગ કોલેજનું ૧૦૦% પરિણામ આવેલ જેમા ૯ વિદ્યાર્થીઓ ડિસ્ટીંકશન અને ૧૬ વિદ્યાથીઓ ફર્સ્ટ કલાસ સાથે ઉતિર્ણ થયેલ છે. સંસ્થા પરિવાર વતી તમામ વિદ્યાર્થીઓ તથા કો-ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન કામદારને અભિનંદન પાઠવવામાં આવેલ.

## શિક્ષક દિવસની ઉજવણી

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની સ્મૃતિમાં દર વર્ષે પ સપ્ટેમ્બર શિક્ષક દિવસ તરીકે ઉજવવામાં આવે છે જે અંતર્ગત અંકુર શાળા સંચાલિત ટીચર્સ ટ્રેનિંગ કોલેજના



classes of ANKUR School. They made their day by imparting knowledge, education and skill on various subjects like Games, drawing, music, craft etc. Entire planning was done by Dr.Bhavikabe Kamdar and Khushbuben Chauhan. In this leisure time, teachers of the school made attractive and beautiful teaching learning materials.

### Orientation program :

For the new students of batch 2022-2024 an orientation program was arranged during 21st November to 26th November 2022. The purpose of the program was to make students aware of their course and various subjects covered. During the program experienced and experts teachers of the ANKUR imparted knowledge to the students on various subjects with full details.

### Educational visit :

With a view to make new students aware of all type of disabilities, an educational tour was arranged to all institutes affiliated with P.N.R. Society. Over and above, Daxinamurti Adhypan Mandir, Bal Mandir on the Hill founded by shri Gijubhai Badheka were also visited during educational tour.

### Enternal examination :

Enternal Examination for the first year students (2021-2023 batch) was taken during 21-11-2022 to 26-11-2022.

### Practical Examination/viva :

On 12-01-2023, practical exam and Viva for students of 2021-23 batch was arranged. Shri Nayanbhai

તાલીમાર્થીઓએ પણ શિક્ષક દિવસની શાનદાર ઉજવણી કરેલ આ દિવસે તાલીમાર્થીઓએ શાળાના દરેક વર્ગોમાં શિક્ષકની ભુમિકા નિભાવી શાળાના મંદબુધ્ધિ બાળકોને શૈક્ષણિક તેમજ રમત-ગમત ચિત્ર, સંગીત, ઉદ્યોગ વિગેરેનું જ્ઞાન આપી આ દિવસને ખરા અર્થમાં સાર્થક બનાવેલ. કો.ઓર્ડિનેટર ડૉ. ભાવિકાબેન તથા ખુશ્બુબેન ચૌહાણે આ સુંદર આયોજન કરેલ. આ સમય દરમ્યાન શાળના શિક્ષકોએ આકર્ષક અને સુંદર ટીચીંગ લર્નિંગ મટીરીયલ્સ તૈયાર કરેલ.

### ઓરિએન્ટેશન પ્રોગ્રામ

કોલેજ દ્વારા બેચ વર્ષ (૨૦૨૨-૨૪) માં નવા પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ D.Ed. Spl. Ed. (IDD) અભ્યાસ માટે વધુ સારી રીતે માહિતગાર બને તે હેતુથી તારીખ ૨૧ થી ૨૬ નવેમ્બર - ૨૦૨૨ દરમિયાન એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના નિષ્ણાંત અને અનુભવી શિક્ષકો દ્વારા જુદા જુદા વિષય પર વિદ્યાર્થીઓને જ્ઞાન સભર માહિતી આપેલ.

### એજયુકેશનલ વિઝીટ

